Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# "લોકસાહિત્ય : ઈતિહાસનો સ્રોત"

ડૉ. મૌલેશકુમાર જે. પંડ્યા
ઈતિહાસ વિભાગ
એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજ,આણંદ, મો. ૯૮૨૫૭૪૮૮૦૬

ભૂતકાળની માનવીય હકીકતોનું અન્વેષણ કરતાં ઈતિહાસને ભૂતકાળના માનવજીવનની વાસ્તવિકતાઓની જ્ઞાન પ્રાપ્તિ અનિવાર્ય છે. વળી લોકસાહિત્યમાં સર્વભોગ્ય લોકભાષામાંજ સમસ્ત જનસમાજનાં માનવીય સંવેદનો, વ્યવહારુજ્ઞાન, આનંદપ્રમોદ, દુ:ખ દર્દો, લોકમાન્યતાઓ, સમસ્ત જીવનવ્યવહારની અંગત ઊર્મિઓ, સામૂહિક અનુભવો, પ્રાદેશિકતા, લોકમાનસ, લોકમનોવિજ્ઞાન, લોકધર્મો,મૂળમાનવ પ્રકૃતિ, ઐતિહાસિક માહિતીઓ, રાજકીય,સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને નૈતિક વલણો વી. ની વાસ્તવિકતાઓનું પ્રતિબિંબ પ્રાપ્ત થાય છે. આમ ઈતિહાસને જેની જરૂરિયાત છે તે ભાથું લોકસાહિત્યમાં સચવાયેલું જણાય છે.જેથી ઈતિહાસ અને લોકસાહિત્યનો સંબંધ અન્યોન્ય સહાયકનો ગણાવી શકાય. ભૂતકાળના માનવજીવનનું સત્ય શોધી આપવામાં ઈતિહાસને સહાય કરતાં અનેક સાધનો પૈકી 'લોકસાહિત્ય'ને ઈતિહાસનું સહાયક સાહિત્યિક અલિખિત કે મૌખિક પરંપરાનું મહત્વનું સાધન ગણાવી શકાય.

ઈતિહાસ એ સમાજને અનુલક્ષીને કરેલી માનવની ભૂતકાલીન પ્રવૃત્તિઓનું વિવેચન અને માનવ જીવનનું સમગ્રત: અવલોકન છે. ઈતિહાસ એટલે માત્ર સત્ય વાસ્તવિકતાઓ જે વિવિધ ઐતિહાસિક સાધનોની સહાયથી સિદ્ધ કરી શકાય છે. ભૂતકાળના માનવજીવન કે માનવપ્રવૃત્તિઓ વિશેની આધારભૂત માહિતી આપતા સાધનને ઐતિહાસિક સાધન કહી શકાય જે અવશેષો,દસ્તાવેજો કે મૌખિક પરંપરાઓ પ્રકારના હોય છે. સંશોધનના ખ્યાલ સાથે ઈતિહાસકાર ઈતિહાસલેખનકાર્ય આરંભે ત્યારે

તેને વિવિધ ઐતિહાસિક સાધનોની સહાય અનિવાર્ય છે.

સાંપ્રત સમયમાં ઈતિહાસકારોનું ધ્યાન 'લોકસાહિત્ય'ને આધારે ઈતિહાસ લખવાની પધ્ધતિ પર દોરવાયું છે ત્યારે લોકસાહિત્યમાં પ્રતિબિંબિત ઐતિહાસિક સત્યો શુદ્ધ ઈતિહાસલેખનમાં સહાયરૂપ બની શકે છે. વર્ષો સુધી સમકાલીન પુરાવાઓ દસ્તાવેજો કે લેખિત સાધનો આધારીતજ ઈતિહાસલેખન થતું રહ્યું પરિણામે સમાજના કેટલાક વર્ગોનો ઈતિહાસ દસ્તાવેજો એટલેકે લિખિત સાધનોના અભાવે આલેખી શકાયો ન હતો પરંતુ ઈતિહાસમાં સ્થાન ન પામનાર વંચિત વર્ગે પોતાની માનવીય સંવેદનાઓ,દુ:ખદર્દો, હર્ષોલ્લાસ, માન્યતાઓ, સમસ્ત જીવન વ્યવહારની અંગત ઊર્મિઓ, પોતાની પ્રાદેશિકતા, અનુભવો, ઐતિહાસિક ઘટનાઓ, રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને નૈતિક વલણો વી.ને પોતાના લોકગીતો કે લોકકથાઓ કે લોકસાહિત્યના વિવિધ પ્રકારોમાં વણી લીધા હતા. આ લોકસાહિત્ય જિજ્ઞાસુને ભૂતકાલીન માનવજીવનના આ વંચિત વર્ગના ઈતિહાસ કે સમસ્ત ઇતિહાસની કેટલીક ખૂટતી કડીઓ જોડી આપી સહાયરૂપ બની શકે છે. કિસાનો, નારીઓ, આદિવાસીઓ, દલિતો, કામદારો વી.વર્ગના લોકોની ભૂતકાલીન જીવન પરિસ્થિતિઓ, તેમના વિવિધક્ષેત્રે પ્રદાનો તથા તેઓનો મોભો કે સ્થાન વિશે માહિતગાર થવા લોકસાહિત્યના ઊંડાણપૂર્વકના અભ્યાસો દ્વારા ઐતિહાસિક માહિતીઓ પ્રાપ્ત કરી ઈતિહાસમાં વિસરાયેલાં નવાં પ્રકરણ ઉમેરી શકાય છે.

ભારતીય પરંપરામાં પ્રથમથી જ ઈતિહાસને સંસ્કૃતિના સંદર્ભ સાથે આલેખવાની આપણી દ્રષ્ટિ રહી હતી. એટલે પ્રાચીનકાલથી ઈતિહાસલક્ષી રચનાઓ લખાતી રહી હતી. ઇતિહાસના કેન્દ્ર સ્થાને માનવજીવન છે આ માનવીના મનોભાવો કે સંવેદનાઓને કારણે બનતી ખાસ મહત્વની ઘટનાઓ કે પ્રસંગોને લોકસાહિત્યમાં લોકગીત, લોકકથા કે લોકોક્તિ જેવાં વિવિધ સ્વરૂપે સ્થાન પ્રાપ્ત થાય છે. આમ લોકસાહિત્યમાં ઇતિહાસનો અંશ ગૂંથાયેલો જોવા મળે છે. પ્રાચીનકાલથી ભારતીય પરંપરામાંતો કેટલીક જ્ઞાતિઓનું તો મુખ્ય કાર્ય રાજકીય, સામાજિકક્ષેત્રે બનેલ ઐતિહાસિક ઘટનાઓને તથા સંસ્કૃતિને જાળવવાનું અને અભિવ્યક્ત કરવાનું છે. દા.ત. બારોટ અને ચારણ જ્ઞાતિ દ્વારા રજૂ થયેલ રચનાઓ લોકોમાં ઝીલાય અને જુદા જુદા સમયે જુદા જુદા સ્વરૂપે જળવાઈ રહે છે. લોકો સાંસ્કૃતિક સ્વરૂપના પોતાના અસ્મિતા સમાન બનાવોને અગત્ય આપતા હોય

છે. અર્થાત્ લોકસાહિત્યમાં શુદ્ધ ઈતિહાસનું પ્રમાણ આંશિક હોય અને શુદ્ધ લોકસંસ્કૃતિનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. સાંસ્કૃતિક કે ઐતિહાસિક પ્રસંગો લોક માન્યતાઓ હોય તો જ લોકસાહિત્યમાં ગૂંથાતા હોય છે અને લોકસાહિત્યમાં વર્ણવાયેલ કોઈ પ્રસંગ લોકમાન્યતા વગર તરંગી રીતે સ્થાન પામતો નથી. લોક પરંપરામાં જળવાતા આવા ઐતિહાસિક પ્રસંગોને સ્વીકારી વિસરાયેલાં ઇતિહાસનાં પ્રકરણોમાં સમાવવાં જોઇએ. સંભવ છે કે કોઈ રચનામાં કોઈ એકનું અતિશયોક્તિપૂર્ણ કે કનિષ્ઠ આલેખન કે વર્ણન થયું હોય પરંતુ ઈતિહાસકારે સમકાલીન પુરાવાઓ ચકાસી તેની સચ્ચાઈ પ્રાપ્ત કરી ઈતિહાસલેખનમાં સ્થાન આપવું જોઈએ. લોકસંસ્કૃતિ અને મૂલ્યબોધને કેન્દ્રમાં રાખી રચાયેલા લોકસાહિત્યમાં પૂર્ણ ઈતિહાસ આલેખાયો હોતો નથી. માત્ર ઈતિહાસના અંશોજ પ્રાપ્ત થાય છે. માટે ઇતિહાસના સ્રોત તરીકે ઉપયોગમાં લેવાતા લોકસાહિત્યને આધારભૂતતા અને વિશ્વસનીયતાની કસોટી પર ચકાસ્યા બાદ જ પ્રાપ્ત સત્ય માહિતીને ઈતિહાસલેખનમાં સ્થાન આપવું  જોઈએ. લોકસાહિત્ય ઈતિહાસકારની દ્રષ્ટિએ દ્વિતીયકક્ષાનું સાધન ગણાય પરંતુ જ્યારે લોકસાહિત્યને ઐતિહાસિક સાધન તરીકે ઈતિહાસલેખનમાં ઉપયોગમાં લેવામાં આવે ત્યારે ઈતિહાસકારે ખાસ કાળજી લેવી પડે છે. લોકસાહિત્યમાં વર્ણવાયેલ ઘટનાઓની સમકાલીન પુરાવાઓ સાથે ચકાસણી કર્યા બાદ તથા લોકસંસ્કૃતિ મુલક અને મૂલ્યબોધની માહિતીઓને ચકાસીને લોકસાહિત્યમાં વર્ણવેલ સંવેદના તત્વ અને  અભિવ્યક્તિના સ્વરૂપની ખરાઈ કર્યા બાદ પ્રાપ્ત માહિતી ઈતિહાસલેખન માટે નવાં  અર્થઘટનો કે પૂરક ઐતિહાસિક સામગ્રી પૂરાં પડી શકે છે.દા.ત......

લોકસમાજે ઋતુચક્ર અને જીવનચક્ર સાથે સંકળાયેલાં લોકગીતો રચેલાં છે. તેમના વ્યવસાયિક,સામાજિક અને કૌટુંબિક જીવનના દરેક તબક્કે લોકગીતો સંકળાયેલાં છે તથા ગર્ભાધાન અને જન્મથી મૃત્યુ સુધીના દરેક તબક્કે જુદી જુદી વિધિઓના ભાગરૂપે લોકગીતો જોડાયેલાં છે. સામાજિક,ધાર્મિક કે સાંસ્કૃતિક ઉત્સવો સાથે પણ લોકગીતો વણાયેલાં છે. તેમાં લોકસમાજની ઊર્મિજ તેનો વિષય હોય છે. જે લાગણીઓની સૌ કોઈ અનુભૂતિ કરે છે તેને જ વાચા મળે છે જેથી તેમાં લોકજીવન પ્રતિબિંબિત થાય છે.

લોકગીતમાં જે તે સમાજની સંઘાનુભૂતિ તથા માનવ મનના ભાવો અને સંવેદનાનું નિરૂપણ હોય છે. તે લોકો દ્વારા લોકો માટે લોકબોલીમાં સાંસ્કૃતિક –પ્રાકૃતિક પરિવેશ સાથે સર્જન પામેલ લોકોનાં ગીતો છે. લોકમાનસ લોકોમાં બનતી ઘટનાઓને પકડે છે માટેજ લોકગીતનો સામાજિક સમુદાયના જીવન સાથે સંબંધ છે, તેમાં સમાજની સંસ્કૃતિનાં ચિત્રો સૂક્ષ્મ રીતે અંકિત થયેલાં હોય છે. તેને પ્રજાઓ,રીતરિવાજો, આચાર-વિચાર વી.નું મિલન સ્થળ કહી શકાય. લોકગીત રચનાકાર પાસેથી નીકળી મૌખિક પરંપરામાં સાર્વજનિક બની પરીવર્તન પામતું રહે છે અર્થાત્ તેનાં ઘણાં પાઠાંતરો જોવા મળે તેમાંથી સાચા પાઠની પસંદગી સંશોધકે તપાસવાની હોય છે. લોકગીતને માનવજીવનના ભૂતકાળને પુન: પ્રગટાવનાર સ્રોત ગણાવી શકાય. તેના દ્વારા માનવના આચાર-વિચાર, જીવન રીતિ, પ્રણાલિકાઓ, રૂઢીઓ અને ધર્મ સંસ્કારોનો અભ્યાસ થવા લાગ્યો છે.

ઘણાં લોકગીતોમાં ઈતિહાસને વણી લેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ઐતિહાસિક ઘટનાઓથી માંડીને સ્થાનિક ગામોની મહત્વપૂર્ણ બાબતો કે વીર-વીરાંગનાઓની ગાથાઓની નોંધ લીધી છે.અને મોટે ભાગે દરેક અદભુત બનાવ અને તેની પાછળ રહેલી માનવની ઉમદા ઉચ્ચ ભાવનાઓની તેમાં છાપ અંકિત થયેલી છે. પૂર્વ ઐતિહાસિક અને ઐતિહાસિક યુગના બનાવોને વર્ણવતાં લોકગીતો રચાયાં છે. જેમ કે ‘પાર્વતીના પરખા’, ‘હરચંદ રાજા’, ‘રામનાં લગ્ન’, ‘સીતા વનવાસ’ વી. પૂર્વ ઐતિહાસિક બનાવોને વર્ણવે છે જેમાં ગ્રામ્ય ઈતિહાસ,સ્ત્રીઓની સ્થિતિ અંગેના કુરિવાજો વર્ણવતાં પ્રસંગો જેવાકે-સતીપ્રથા, અપહરણ, ઝેર આપવા જેવી દુ:ખદ ઘટનાઓ વર્ણવી છે. આ ગીતોમાં સ્ત્રી-પુરુષોનો માનવ સ્વભાવ આલેખાયો છે. સ્ત્રીમાં તે પતિવ્રત અને પતિનું સન્માન જ શ્રેષ્ઠ છે તેમ પુરવાર કરેલ છે. ઐતિહાસિક યુગના બનાવોને વર્ણવતાં અસંખ્ય લોકગીત મળે છે જેમ કે- ‘જસમાનો રાસડો’, ‘રાણકદેવીનો રાસડો’, ‘દાદુભા’, ‘દાજીરાજની કુંવર’, ‘સોનલ ગરાસણી’, ‘વેલો રાવળ’, ‘બાલુડો જોગી ગોપીચંદ’ વી. મધ્યયુગમાં મુસ્લિમ શાસન દરમ્યાન સ્ત્રી અત્યાચારોનો ભોગ બની હતી ત્યારે સ્ત્રીઓએ બહાદુરીથી, દ્રઢતાથી પ્રતિકાર કર્યો તો કોઈએ મૃત્યુનો માર્ગ અપનાવ્યો હતો. આવા બનાવોને વિષય બનાવી દરેક પ્રદેશમાં લોકગીતો રચાયાં છે. ‘મેના ગુર્જરી’, ‘જસમા ઓડણ’, કે ‘ચંદ્રાવલી’ ગીતમાં રાજસત્તા સામે પુરુષવર્ગની લાચારી છે અને નારીની

બહાદુરી જે ગમે તેવા મોટા સત્તાધીશને પણ તેના પ્રલોભનો ઠુકરાવી પોતાના ચારિત્ર્યની શુધ્ધતાનું ભાન કરાવી પોતે નહીં ઝૂકવાનાં ગૌરવવંતાં દ્રષ્ટાંત છે. આવાં લોકગીતોમાં જે તે સમયની સ્ત્રીજીવનની સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે. સ્ત્રીઓના સામાજિક જીવનની અનેક બાબતોનું સાંસારિક ચિત્ર તથા બાળલગ્ન, વૃધ્ધલગ્ન, કજોડાં કે બહુપત્નીત્વ ને કારણે સ્ત્રીઓની વેદના વર્ણવતાં લોકગીતોમાં તત્કાલિન સમાજનું સાચું ચિત્ર મેળવી શકાય છે.

લોકસાહિત્ય, લોકગીતો, ગીતકથાઓ, લોકકથાઓ, લોકનાટય, ભવાઈ, કહેવતો, ઉખાણાં અને જોડકણાં વગેરે જેવા પ્રકારોમાં સચવાયું છે. દરેક દેશમાં લોકકથાઓ જુદા જુદા સ્વરૂપે લોકજીવનમાં સચવાતી રહી છે. જેમાં રાજકારણ, ધર્મ, ઉપદેશ, નીતિ, ચમત્કાર, મનોરંજન કે ઈતિહાસ જેવાં તત્વો વણાયેલાં હોય છે. માણસના જન્મથી માંડીને મૃત્યુ સુધીના જીવનકાળમાં આવતા જુદા જુદા પ્રસંગો સાથે લોકકથાઓ જોડાયેલી હોય છે. જેમાં બાળકથાઓ, સ્ત્રીવ્રતકથાઓ, દાદા-દાદીની વાર્તાઓ, ધંધાદારી વાર્તાકારોની વાર્તાઓ જેમકે ચરણ, બારોટ, રાવળ, તૂરી, ઢાઢી, મીર, લંઘા વગેરે જ્ઞાતિના વાર્તાકારોની વાર્તાઓ પ્રાપ્ત થાય છે.

લોકકથાનાં કથાનક કે કથાઘટક વિવિધ સ્થળે કેવી રીતે પ્રયોજાયાં છે અને તેના આધારે ક્યાં કઈ કથા જન્મી, વિકસી કે પ્રસરી તે જાણી શકાય છે. આ કથાઘટકો ક્યાં, શામાટે ઉદ્દભવ્યાં કે કયા પ્રદેશ કે જાતિઓની પરંપરામાં આવ્યાં તેનો ખ્યાલ આવે છે.  જેથી વિવિધ જાતિઓના પારસ્પારિક આદાન-પ્રદાન, સ્થળાંતર તેમની સભ્યતા અને સંસ્કૃતિની આધારભૂત માન્યતાઓની માહિતી પ્રાપ્ત થાય છે. સ્ટીથ થોમ્પસને કથાઘટકોના વર્ગીકરણની સુંદર રીત આપેલી છે.

ઐતિહાસિક પ્રબંધોમાં ઐતહાસિક વ્યક્તિઓ કે ઘટનાઓ પ્રયોજવામાં આવતાં હતાં. કેટલાક રાજવીઓએ પોતાના પૂર્વજોના વીરત્વને દર્શાવવા ઐતિહાસિક પ્રબંધોની રચના કરાવી હતી, તો કેટલાક સ્વધર્મી અને સ્વદેશ પ્રેમીઓએ આવા પ્રબંધો રચ્યા હતા. પદ્મનાભે રચેલ 'કાન્હડદે-પ્રબંધ'(ઇ.સ.૧૪૫૬) માંથી મધ્યયુગનું વાસ્તવિક ચિત્ર પ્રાપ્ત થાય છે. ૧૪મી સદીમાં ગુજરાત પર મુસ્લિમ આક્રમણો સામે રાજપુતોનો પરાજય અને વિધર્મીઓના અત્યાચારોથી સમાજજીવનમાં મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ સમયે પરાજિત થતાં રાજપુતો, શૂરવીર યોધ્ધાઓ હતા. જેમનો અંદરનો

અવાજ વિવિધ વીરગાથાઓમાં વ્યક્ત થતો રહયો હતો. આમ, પ્રબંધોમાં ઐતિહાસિક મનાતી વ્યક્તિઓના ચરિત્રનું નિરૂપણ પ્રાપ્ત થાય છે.

ચારણી સાહિત્યમાં ઐતિહાસિક ચરિત્ર વિષયક વીસી તથા દુહાઓમાં વીરાંગનાઓ, યુધ્ધવર્ણનો, વીરરસ, શૃંગાર, રામભક્તિ વગેરે પ્રકારની માહિતીઓ પ્રાપ્ત થાય છે. ૧૫મી સદીથી ૧૯મી સદી સુધીના આશરે ૪૦૦ વર્ષ સુધીના ગાળામાં હિન્દુ-મુસલમાન વચ્ચે અનેક યુદ્ધો થયાં  તેને પરિણામે ભારતીય સમાજમાં રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારણા ક્ષેત્રે જે ક્રાંતિકારી પરિવર્તનો આવ્યાં તેનો વૃતાંત ડિંગળ સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. તેના અભ્યાસથી મધ્યયુગી  ભારતીય ઈતિહાસનું સાચું ચિત્ર ઉપસાવી શકાય તેમ છે. એક કચ્છી દુહામાં યુદ્ધમાં ખપી ગયેલ પતિ સાથે ચિતા પર ચડી સહગમન ઇચ્છતી સ્ત્રીની વાત રજૂ કરાઇ છે – "ભલો થ્યો, થૈ સૂરો, મરાણું જારે મધે, સત રઈ વ્યો લજ્જો, સતિથી ધીસ સો વેસા"

લોકનાટય સ્વરૂપ ભવાઈનો મુખ્ય હેતુ માનવજીવનના સુખ-દુ:ખ, હર્ષ-શોક અને વિસંવાદિતાનું બયાન કરવાનો છે. ભવાઈમાં વીર, કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને શાંત એમ વિવિધ રસો પ્રાપ્ત થાય છે. તેના વિવિધ વેશો દ્વારા મનોરંજન કરી સમાજ શિક્ષણ અને લોકજીવનના ઘડતરની કામગીરી થતી હતી. ભવાઈના વેશોમાં લોકસાહિત્યના લગભગ તમામ પ્રકારોનો વિનિયોગ થયેલો જોવા મળે છે.

દશ હજાર વર્ષ પૂર્વે ભીલોની ધાર્મિક પૂજાવિધિઓમાં ગાવામાં આવતી 'પૃથ્વીની ઉત્પત્તિ કથા', 'દેવશયની વાર્તા', ગોતમરખી ઇન્દરની વાર્તા', 'રોમ સીતાની વાર્તા' વગેરે તેઓના સામાજિક અને ધાર્મિક જીવનમાં પ્રબળ મહત્વ ધરાવે છે. આદિવાસીઓની આ વાર્તાઓમાં પ્રકૃતિ અને માનવના ઘનિષ્ઠ તાદાત્મ્યનાં દર્શન થાય છે. 'રોમ સીતમા વાર્તા'  માંથી માનવ સમાજનો વિકાસ, માતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં ભોગવિલાસ માટે પૂર્ણ સ્વછંદતા હતી. રોમ સીતાની વાર્તામાં વર્ણિત સમાજ સરળ અને કૃષિ સંસ્કૃતિ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. જ્યારે 'ભીલોનું ભારથ'નો સમાજ પ્રમાણમાં સંકુલ અને રાજવંશ સાથે સંબંધ ધરાવે છે. આથી ભારથમાં રાજા, રાણી, દાસી, સૈનિકો અને યુધ્ધોનું વર્ણન છે. આમ છતાં અહી પણ સ્ત્રી પર જડબેસલાક સામાજિક નિયંત્રણો નથી, સ્ત્રીઓ પુરુષના સંરક્ષણ વિના એકલી વનવિહાર કરવા જઇ શકે છે અને અનાવૃત્ત થઈ જળક્રીડા

કરી શકે છે. અહીં રાણીઓ અભિલાષા જાગતાં સોળૈયો શણગાર સજી બાગમાં કે વનમાં વિહાર કરવા રાજાને નિમંત્રી શકે છે. સોલંકીયુગમાં અને તેના અસ્ત પછી પણ જૈન સાહિત્ય રચાયું તે જૈન સ્ત્રોત તરીકે પ્રાપ્ત છે. લોકસમુદાયમાં મોટો હિસ્સો ધરાવતાં નારી,આદિવાસી, દલિત, કિસાન અને કામદાર વર્ગોએ પોતાની વીતક વર્ણવતાં લોકગીતો, લોકકથાઓ તથા વિવિધ પ્રકારોમાં લોકસાહિત્ય રચેલ છે જે પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. ગુજરાત લોકસાહિત્યનો મોટો સાગર છે જેમાંથી ઘણા વિદ્વાનોએ આચમન કર્યું છે અને સૌના લાભાર્થે વિદ્વાન સાહિત્યકારો દ્વારા લોકસાહિત્યના વિવિધ પ્રકારોના ખાસ સંપાદનગ્રંથો પણ તૈયાર થયેલાં છે. જેનો ઈતિહાસકારો ઇતિહાસના સ્ત્રોત તરીકે ભરપૂર ઉપયોગ કરી વિવિધ અભ્યાસો દ્વારા ભારતીય સમાજના વંચિત વર્ગના ઈતિહાસમાં વિસરાયેલાં નવાં પ્રકરણ આલેખવામાં વિશેષ સહાય પ્રાપ્ત કરી શકશે. આમ લોકસાહિત્ય ઇતિહાસના સ્રોત તરીકે સહાયરૂપ નીવડશે.

## : સંદર્ભ સૂચિ :

(1) જાની બળવંત, 'લોકસાહિત્ય વિમર્શ', પાર્શ્વ પ્રકાશન, સુરત

(2) રાજ્યગુરુ ડો.નિરંજન, 'ગુજરાતનો સમૃદ્ધ વાડમય વારસો', ગુ.સા.અકાદમી, અમદાવાદ.

(3) મેઘાણી ઝવેરચંદ, 'કસુંબીનો રંગ'

(4) યાજ્ઞિક હસુ, 'લોકવિદ્યા વિજ્ઞાન', યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(5) જાની બળવંત, 'લોક ગુર્જરી'- વાર્ષિક (અંક-૧૮ )

(6) જાદવ ડો.અમૃત, 'પુષ્કર ચંદરવાકર અને લોકસાહિત્ય'

(7) મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત'

(8) ચૌધરી ડો.પ્રભુ આર.,'ડાંગના લોકગીતો'